# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૬/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## ગાંધીનગર ખાતે કેન્દ્રના ટેક્ષ્ટાઇલ સેક્રેટરી સમક્ષ ચેમ્બર તથા વિવિધ વેપાર ઉદ્યોગના પ્રતિનિધીઓની રીફંડ રિલીઝ કરવા અને ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે રજૂઆત

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ અખબારી યાદીમાં જણાવે છે કે, ચેમ્બરની સાથે એસઆરટીઇપીસી, ફિયાસ્વી, સાઉથ ગુજરાત વોર્પ નીટિંગ એસોસિએશન, પાંડેસરા વિવર્સ એસોસિએશન, વેડરોડ વિવર્સ એસોસિએશન અને સાસ્કમાની આજરોજ ગાંધીનગર ખાતે કેન્દ્રના ટેક્ષ્ટાઇલ સેક્રેટરી શ્રી રવિ કપુર અને ટેક્ષ્ટાઇલ કમિશનર શ્રી એન.સી. ચક્રવર્તિ તથા અન્ય અધિકારીગણો સાથે મિટીંગ મળી હતી.

આ મિટીંગમાં ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇ, શ્રી ધીરુભાઇ શાહ, શ્રી ભરત ગાંધી, શ્રી ધીરેન થરનારી, શ્રી અતુલ પાઠક, શ્રી આશિષ ગુજરાતી, શ્રી મયુર ગોળવાલા, શ્રી રફીક મેમણ, શ્રી હિમાંશુ બોડાવાલા, શ્રી રમણ માંગુકીયા અને શ્રી સમીર પટેલ વિગેરે ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર તથા દક્ષિણ ગુજરાતના વેપાર – ઉદ્યોગના પ્રતિનિધીઓએ ટેક્ષ્ટાઇલ સેક્રેટરી શ્રી રવિ કપુર સમક્ષ ટફની પેન્ડીંગ સબસિડી રિલીઝ કરવા માટે, પાવર ટેક્ષમાં સોલારમાં ૮ લૂમ્સની કેપ દૂર કરવા માટે, યાર્ન બેંકમાં રૂપિયા બે કરોડની લિમિટ વધારીને રૂપિયા ૫ કરોડ કરવા માટે તેમજ બેંક ગેરંટી માટે પડતી મુશ્કેલીને દૂર કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. ટફનું ફંડ વધારવા માટે અને પ્રોજેક્ટ એપ્રુવલ કમિટીની મિટીંગ નહી મળવાના કારણે કરોડો રૂપિયાની ગૃપ વર્ક શેડ યોજનાની અટકી પડેલી ફાઇલોના નિકાલ માટે રજૂઆત કરી હતી.

ગુજરાત હાઇકોર્ટના ચુકાદાને આધારે રીફંડ તાત્કાલિક ધોરણે રિલીઝ કરવામાં આવે એવી ભલામણ માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીથારમણને કરવામાં આવે તેવી રજૂઆત શ્રી રવિ કપુરને કરવામાં આવી હતી. સાથે

જ આર.સી.ઇ.પી. એગ્રીમેન્ટ સાઇન થશે તો ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી ઉપર તેની માઠી અસર પડશે આથી આર.સી.ઇ.પી. એગ્રીમેન્ટ સાઇન નહીં થાય તે માટે રજૂઆત કરવામાં આવી હતી.

બાંગ્લાદેશ અને વિયેતનામમાંથી ઝીરો ડયુટીથી થતા આયાત ઉપર પ્રતિબંધ લગાવવા માટે રજૂઆત કરી હતી. આ ઉપરાંત ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં હયાત જીએસટી રેટ સ્ટ્રકચરને યથાવત રાખવા માટે તેમજ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ સંબંધીત જીએસટીને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે અસરકારક રજૂઆત કરવામાં આવી હતી.

ટેક્ષ્ટાઇલ સેક્રેટરી શ્રી રવિ કપુરે ખૂબ જ શાંતિપૂર્વક તમામ રજૂઆતોને સાંભળી હતી અને હકારાત્મક અભિગમ દાખવી પડતર પ્રશ્નોનો ઝડપથી નિકાલ લાવવા માટે આશ્વાસન આપ્યુ હતુ. ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સુરતમાં પણ આવી બેઠક ગોઠવવામાં આવે તેવું સૂચન કરી તેમને સુરત આવવા માટેનું આમંત્રણ આપ્યુ હતુ.